અરવલ્લી : ત્રણે વિધાનસભા બેઠકો પર ભાજપે ઉમેદવારો જાહેર કર્યા

મોડાસામાં ભીખુસિંહ પરમાર, ભિલોડામાં પી.સી. બરંડા,બાયડ ભીખીબેન : કોંગ્રેસમાં ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર નક્કી સામે ક્ષત્રિય ઉમેદવાર ભાજપે ઉતારતા કાંટે કી ટક્કર ભાજપના ત્રણે ઉમેદવારોને કાર્યકરોએ શુભેચ્છા પાઠવી :બાયડમાં ધવલસિંહ ઝાલાને કદ પ્રમાણે વેતરી નાખ્યા હોવાની ચર્ચા : ભિલોડા કોંગ્રેસના સ્વ.ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારાના પુત્ર અનિલ જોષીયારાએ કેસરીયો કર્યો પણ ફળ્યો નહીં

મોડાસા, તા. ૧૦

ડિસેમ્બર મહિનામાં યોજાનારી વિધાનસભા ની ચૂંટણીમાં સત્તા મેળવવા ભાજપ અને કોંગ્રેસ પક્ષ દ્વારા એડીચોટીનું જોર લગાવામાં આવી રહ્યું છે તદુપરાંત વિધાનસભાની બેઠક પર વિજેતા નીવડીશકે તેવા ઉમેદવારની પસંદગી કરવામાં આવી રહી છે ભાજપ વિકાસના નામે મતદારો પાસે મત માંગશેનું ભલે શીર્ષ નેતૃત્વ કહીં રહ્યું હોય પરંતુ અરવલ્લી જીલ્લામાં ટિકિટ માટે જાતિવાદ સમીકરણ ધ્યાને રાખી મોડાસા- ધનસુરા બેઠક પર ક્ષત્રિય ઉમેદવાર ભીખુસિંહ પરમાર અને બાયડ-માલપુર બેઠક પર ભીખીબેન પરમારની પસંદગી કરવામાં આવી છે ભિલોડા વિધાનસભા બેઠક પર પી.સી.બરંડા પર કળશ ઢોળ્યો છે જો કે ભાજપે ગત વિધાનસભા ચૂંટણીમાં મોડાસા અને ભિલોડા બેઠક પર કોંગ્રેસ સામે હારનો સામનો કરનાર બંને ઉમેદવારોને ટિકિટ આપી વિશ્વાસ બતાવ્યો છે

અરવલ્લી જીલ્લાની મોડાસા અને બાયડ વિધાનસભાની બેઠક માટે ભાજપ કયો ચહેરો અને કાયા સમાજ ને પ્રાધાન્ય આપે છે ની બનેલી ટોક ઓફ થી ટાઉનની ચર્ચાનો ગુરુવારે અંત આવ્યો હતો ત્રણે ઉમેદવારોના ટેકેદારોએ ફટાકડા ફોડી, મોં મીઠું કરાવી શુભેચ્છા પાઠવી હતી જિલ્લાની ત્રણે બેઠકો પર કમળ ખીલવવાનો નીર્ધાર કર્યો હતો.

વિધાનસભાની ચૂંટણીમાં ૬ મહિના અગાઉ કોંગ્રેસના ઉમેદવારોની જાહેરાત કરનાર વાતો કરનાર કોંગ્રેસ હજુ સુધી ઉમેદવારોના ઠેકાણા પડી રહ્યા નથી મોડાસા વિધાનસભા બેઠક પર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને મૌખિક સૂચના આપવામાં આવી છે બાયડ બેઠક પર ધારાસભ્ય જશુ ભાઈ પટેલ માટે કોંગ્રેસે થોભો અને રાહ જોવોની નીતિ અખત્યાર કરતા કોકડું ગૂંચવાયું છે ભિલોડા બેઠક પર ધારાસભ્ય સ્વ.અનિલ જોષીયારાનો વિકલ્પ શોધી રહી છે કોંગ્રેસનો ત્રણે વિધાનસભા બેઠકો પર કબ્જો હોવા છતાં યોગ્ય રણનીતિ અને ઠોસ નિર્ણય લેવાની શક્તિનો અભાવ જોવા મળતા કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરો પણ મનોબળ તૂટી રહ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

થરાદ વિધાનસભા બેઠક પર શંકરભાઈ ચૌધરીને ટિકિટ મળતાં સમર્થકોમાં ખુશીનો માહોલ

ડીસા, તા. ૧૦

ગુજરાત વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણીને લઈ ભાજપ દ્વારા આજે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં બનાસકાંઠાના થરાદ વિધાનસભાની ટિકિટ શંકરભાઈ ચૌધરીને આપતા તેમના સમર્થકોમાં ખુશી જોવા મળી રહી છે. ટિકિટનું નામ જાહેર થતા શંકર ચૌધરી થરાદ એપીએમસી ખાતે બનાસકાંઠા જિલ્લા ભાજપ સાંસદ પરબતભાઈ પટેલને મળવા પહોંચ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં શંકરભાઈ ચૌધરીના સમર્થકોએ એપીએમસીમાં પહોંચી તેમણે વધાવ્યાં હતા. શંકરભાઈ ચૌધરીનું વાવ વિધાનસભામાં નામ ચાલી રહ્યું હતું. જોકે, છેલ્લી ક્ષણોમાં તેઓનું થરાદ વિધાનસભા બેઠક પરથી નામ જાહેર થયું હતું.

આ અંગે શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે, વિકાસ એ મુખ્ય મુદ્દો છે. અમે વિકાસના મુદ્દા પર આગળ વધીશું. અહીંયા કેટલાક વિસ્તારોમાં નર્મદાનું પાણી પહોંચ્યું ત્યાં કૃષિની અંદર એક ક્રાંતિ આવી છે. ભારત સરકારની સિંચાઈની જે કમિટી છે. તેમાં ચેરમેન અમારા સાંસદ છે. સૌથી પહેલી પ્રાથમિકતા સિંચાઈનું પાણી જે ગામડાની અંદર નથી પહોંચ્યું, ત્યાં પહોંચાડવાનું છે. તેમજ સમય મર્યાદામાં અહીંયા રોજગારી માટેની વ્યવસ્થાઓ ઉભી કરવી છે.

પ્રાંતિજ-તલોદ વિધાનસભા બેઠક પર ભાજપનો દબદબો રહ્યો છે

કોંગ્રેસમાંથી મહેન્દ્રસિંહ બારૈયા ભાજપમાં જોડાતા કોંગ્રેસની પીઠ ભાગી છે : કોંગ્રેસને આ સીટ ઉપર વધુ મહેનત કરવી પડશે : આ વખતે કોંગ્રેસ ઉમેદવાર પ્રસંદગીમા થાપ ખાસે તો સીટ ગુમાવી પડશે

પ્રાંતિજ તા.૧૦

ગુજરાત મા ચુંટણીઓની જાહેરાત થતાં જ રાજકીય પક્ષો સક્રિય થયા છે ત્યારે આ વખતે ગુજરાત સાબરકાંઠા સહિત પ્રાંતિજ-તલોદ ૩૩ વિધાનસભા બેઠક ઉપર ત્રિપાંખીયો જંગ ખેલાશે તો ભાજપે આ સીટ ઉપર છ વખત જીત મેળવી છે જેમા આ સીટ ઉપર ભાજપ નુ પ્રભુત્વ છે તો કોંગ્રેસે પણ ચાર વખત આ સીટ હાંસલ કરી તો કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા કોગ્રેસ માંથી ભાજપ મા જોડાતા આ વખતે ભાજપ નુ પલ્લુ ભારે થયુ છે

પ્રાંતિજ-તલોદ ૩૩ વિધાન સભા બેઠક ઉપર મોટા ભાગે ભાજપ નુ પ્રભુત્વ આ બેઠક ઉપર જોવા મલ્યુ છે તો આ બેઠક ઉપર કુલ-૨૫,૮૮૭૯ મતદારો છે એમા પુરૂષ મતદારો ૧૩,૩૬૬૫ તથા સ્ત્રી મતદારો ૧૨,૫૨૧૦ અને અન્ય મતદારો ૪ છે તો છ વખત કમળ ખિલયુ છે તો ચાર વખત કોગ્રેસ આ સીટ ઉપર જીત મેળવી છે તો અત્યાર સુધી કોન સીટ ઉપર કોને જીત મેળવી તે જોઈતો ૧૯૬૨ શાંતુભાઈ પટેલ-કોંગ્રેસ , ૧૯૬૭ એન.એ.ઝાલા જીઉછ , ૧૯૭૨ ગોપાલદાસ પટેલ કોંગ્રેસ , ૧૯૭૫ દિપસિંહ રાઠોડ ઁદ્રઢ , ૧૯૮૦ મગનભાઈ પટેલ ત્નદ્ગઁ(ત્નઁ) ,૧૯૮૫ ગોવિંદભાઈ પટેલ કોંગ્રેસ , ૧૯૯૦ વિરેન્દ્ર સિંહ ઝાલા ભાજપ , ૧૯૯૫ વિરેન્દ્ર સિંહ ઝાલા ભાજપ , ૧૯૯૮ દિપસિંહ રાઠોડ ભાજપ , ૨૦૦૨ દિપસિંહ રાઠોડ ભાજપ , ૨૦૦૭ જયસિંહ ચૌહાણ ભાજપ , ૨૦૧૨ મા મહેન્દ્રસિંહ બારૈયા કોગ્રેસ , ૨૦૧૭ ગજેન્દ્રસિંહ પરમાર ભાજપ ની જીત થઈ હતી તો ૨૦૧૨ મા જયસિંહ ચૌહાણ સામે મહેન્દ્રસિંહ બારૈયા નો ૬૨૮૪ મતોથી વિજય થયો હતો જેમા જયસિંહ ચૌહાણ ને ૬૮૨૯૭ મત તો મહેન્દ્રસિંહ બારૈયા ને ૭૪૫૮૧ મત મલ્યા હતા જયારે ૨૦૧૭ મા મહેન્દ્રસિંહ બારૈયા સામે ગજેન્દ્રસિંહ પરમાર નો ૨૫૫૧ મતોથી વિજય થયો હતો જેમા મહેન્દ્રસિંહ બારૈયા ને ૮૦૯૩૧ મતો અને ગજેન્દ્રસિંહ પરમાર ને ૮૩૪૮૨ મતો મળેલ તો આ સીટ ઉપર ક્ષત્રિય સમાજ ના વધુ વોટ હોય ભાજપ-કોંગ્રેસ ક્ષત્રિય સમાજ માંથી ઉમેદવાર ની પસંદગી કરી ટીકીટ આપે છે તો મોટા ભાગે આ સીટ ભાજપ નુ કમળ ખીલ્યુ છે આ વખતે પણ ભાજપ માટે જીત આસાન સમાન છે કારણ કે કોંગ્રેસ ના મહેન્દ્રસિંહ બારૈયા ભાજપ મા જોડાતા કોંગ્રેસ પાસે હાલ કોઈ ભાજપ ના ઉમેદવાર ને ટક્કર આપે તેવો કોઈ સક્ષમ ઉમેદવાર નથી ત્યારે કોંગ્રેસ માંથી મહેન્દ્રસિંહ બારૈયા ભાજપ મા જોડાતા કોંગ્રેસ પાસે સક્ષમ ઉમેદવાર ના હોય કોંગ્રેસ ને મહેનત કરવી પડશે તો અને જો કોંગ્રેસ ઉમેદવાર ની પ્રસંદગી મા ખાપ ખાસે તો સીટ ગુમાવવાનો વારો પણ આવી શકે છે ત્યારે એક વાત તો ચોક્કસ છે કે મહેન્દ્રસિંહ બારૈયા કોગ્રેસ માંથી ભાજપ મા જોડાતા કોંગ્રેસ ભાગી છે એ તો હવે આવનાર દિવસો માજ ખબર પડશે જો આ વખતે મહેન્દ્રસિંહ બારૈયા કોગ્રેસ મા હોત તો ભાજપ માટે મુશ્કેલીઓ વધી જાત પણ મહેન્દ્રસિંહ બારૈયા ભાજપ મા જોડાતા કોંગ્રેસ પાસે સક્ષમ ઉમેદવાર ના હોય કોંગ્રેસ આ ચુંટણીમા વધુ મહેનત કરવી પડશે તો આ વખતે ત્રિપાંખીયો જંગ જામશે ત્યારે ભાજપ , કોંગ્રેસ અને આમ આદમી વચ્ચે જંગ જોવા મળશે તો ભાજપ ના ધારાસભ્ય અને મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ને ટીકીટ આપી રીપીટ કરવામા આવ્યા છે તો ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા પાંચ વર્ષ મા પ્રજા લક્ષી કામ સાથે વિકાસ લક્ષી કામો કર્યા છે તો ગજેન્દ્રસિંહ પરમાર નુ નામ જાહેર થતા ભાજપ કાર્યકરો આગેવાનો સમર્થકો મા ખુશી જોવા મળી અને વકતાપુર ખાતે આવેલ તેવોના નિવાસ્થાને ભાજપ કાર્યકરો આગેવોનો સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેવોને અભિનંદન પાઠવ્યા હતા.

અરવલ્લી : ભિલોડા બેઠક પર પૂર્વ IPS પી.સી.બરંડા પર ભાજપે ફરી ભરોસો મુક્યો

મોડાસા, તા. ૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ભાજપે પ્રથમ યાદી જાહેર કરતા કુલ ૧૬૦ ઉમેદવારના નામોની જાહેરાત કરી છે પહેલા તબક્કાની ૮૯ બેઠકો પૈકી ૮૩ બેઠકોનાં નામ જાહેર કરવામાં આવ્યા છે જ્યારે છ બેઠકોનાં ઉમેદવારોનાં નામ પર મહોર લાગવાની બાકી છે.વર્તમાન ૫ મંત્રીઓ સહીત કેટલાક ધારાસભ્યો ટિકિટ કાપી નાખવામાં આવી છે જયારે બીજું બાજુ ગત ચૂંટણીમાં હારી ગયેલા ઉમેદવારો પર પણ ભાજપે પહેલી યાદીમાં જાહેર કર્યા છે.અરવલ્લી જીલ્લાની ભિલોડા બેઠક પર ગત વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર સામે ૧૧ હજાર જેટલા મતથી હારનો સામનો કરનાર પૂર્વ આઈપીએસ પી.સી.બરંડાને ટિકિટ આપી ભાજપે ભરોસો દાખવ્યો છે અને જંગી બહુમતીથી ભિલોડા બેઠક પર કમળ ખીલવવાનો હુંકાર કર્યો છે

અરવલ્લી જીલ્લાની ભિલોડા વિધાનસભા બેઠક પર કોંગ્રેસનો દબદબો રહ્યો છે ગત વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર ડૉ.અનિલ જોષીયારાને હરાવવા પૂર્વ આઈપીએસ અધિકારી પી.સી. બરંડાને મેદાનમાં ઉતાર્યા હતા જો કે ૧૧ હજાર જેટલા મતથી હારનો સામનો કરવો પડ્યો હતો તેમ છતાં ભાજપના દિલ્હી બેઠેલા શીર્ષ નેતૃત્વએ ફરીથી પૂર્વ આઈપીએસ અધિકારી પી.સી.બરંડા પર ફરીથી વિશ્વાસ મૂકી ટિકિટ આપતા ભિલોડા-મેઘરજના ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો ભિલોડા આર.જી.બારોટ કેમ્પસ ખાતે પી.સી બરંડાને વાજતે-ગાજતે સ્વાગત કરી, ફુલહાર પહેરાવી સ્વાગત કરી પરિસરમાં ફટાકડા ફોડી એક બીજાનું મોં મીઠું કરાવ્યું હતું.ભિલોડા બેઠક પર ભાજપે પૂર્વ આઈપીએસ પી.સી.બરંડાને રિપીટ કરતા તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ મંત્રી અમિત શાહ, પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, ભુપેન્દ્ર પટેલ અને અરવલ્લી જીલ્લા ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોનો આભાર વ્યક્ત કરી આ ચૂંટણીમાં જંગી બહુમતીથી વિજય પ્રાપ્ત કરી તેમના પર ભાજપ પક્ષે મુકેલ વિશ્વાસ પર ખરા ઉતારશેને ભાર પૂર્વક જણાવ્યું હતું કોંગ્રેસના ગઢ ભિલોડા બેઠક પર કેસરિયો લહેરાવવા માટે કાર્યકરોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો

બનાસકાંઠાની નવી ૯ વિધાનસભાના ઉમેદવારો ભાજપે જાહેર કર્યા

૧૮૨ વિધાનસભા બેઠક પૈકી ૧૬૦ વિધાનસભા બેઠક ઉપર જાહેરાત કરવામાં આવી...!!

પાલનપુર તા.૧૦

બનાસકાંઠા જિલ્લાની યાદી જાહેર કરવામાં આવી.

થરાદ - શ્રી શંકરભાઇ ચૌધરી
વાવ - શ્રી સ્વરૂપજી ઠાકોર
દિયોદર - શ્રી કેશાજી ઠાકોર
ડીસા - શ્રી પ્રવીણભાઈ માળી
પાલનપુર - શ્રી અનિકેત ઠાકર
વડગામ - શ્રી મણીભાઈ વાઘેલા
દાંતા - શ્રી લાધુભાઈ પારગી
કાંકરેજ - શ્રી કીર્તિસિંહ વાઘેલા
ધાનેરા - શ્રી ભગવાનભાઈ પટેલ

બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ દિલ્લીમાં યોજાયેલ જવલેઈન થ્રોમાં ધનેરાના ખેલાડી એ પાંચમો ક્રમ મેળવ્યો

ધાનેરા તા.૧૦

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના રામપુરા(વા) ગામના ધવલભાઈ કાળુભાઈ પુરોહિત નામના યુવકે તાજેતરમાં દિલ્લી ખાતે યોજાયેલ જવલેઈન થ્રો ગેમ્સમાં ૪૬ ખેલાડી વચ્ચે ની હરીફાઈમાં ઉતકુઠસ દેખાવ કરી પાંચમો ક્રમાંક પ્રાપ્ત કરી બનાસકાંઠા જિલ્લા સહિત પુરોહિત સમાજનું ગૌરવ વધાર્યું છે.

ઉલ્લેખની છે કે ધવલ પહેલા દાંતીવાડા ખાતે યોજાયેલ સ્પર્ધામાં દિલ્લી માટે પસંદગી પામ્યો હતો.

સ્ટેટ મોનેટરીંગ સેલનો દરોડો શંકાના દાયરામાં....!!

દાવલીના જંગલમાં કારમાં દારૂના કટિંગનો બપોરે પર્દાફાશ કર્યા બાદ રાત્રે ફરિયાદ નોંધાવી

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની સ્ટેટ મોનેટરીંગ સેલે ઉંઘ ઉડાડી દીધી છે એક મહિનાના ટૂંકા ગાળામાં ત્રણ વખત ત્રાટકી વાહનોમાં થતી વિદેશી દારૂની હેરાફેરી અને કટિંગનો પર્દાફાશ કરતા જીલ્લા પોલીસતંત્ર દોડતું થયું છે સ્ટેટ મોનેટરીંગ સેલે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાવલી ગામ નજીક પથ્થરની બંધ ખીણ પાસે આવેલા જંગલમાં કારમાં વિદેશી દારૂનું કટિંગનો પર્દાફાશ કરી ૧.૫૭ લાખથી વધુના વિદેશી દારૂ સાથે સ્થાનિક બુટલેગર અને રાજસ્થાની બુટલેગર મળી ૯ શખ્શો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી સ્ટેટ મોનેટરીંગ સેલે બપોરે દારૂ કટિંગનો પર્દાફાશ કર્યા પછી રાત્રે ૯ વાગ્યાની આસપાસ ગુન્હો નોંધાવતા પોલીસબેડાંમાં તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું હતું

સ્ટેટ મોનેટરીંગ સેલની ટીમ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે પર આવેલ વાંટડા ટોલપ્લાઝા પાસે દાવલી ગામના જંગલોમાં બાતમીના આધારે ત્રાટકી વિદેશી દારૂના કટીંગના ધમધમતા વેપલાનો પર્દાફાશ કરતા રૂરલ પોલીસ સહીત જીલ્લા પોલીસ તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું સ્ટેટ મોનેટરીંગ સેલે રેડ કરતા બુટલેગરો ફરાર થઈ ગયા હતા

સ્થળ પરથી વિદેશી દારૂની બોટલ અને બિયર ટીન નંગ-૧૧૯૪ કીં.રૂ.૧૫૭૪૪૦/- તેમજ ડસ્ટર કાર અને પ્લેટિના મળી રૂ.૬.૯૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ૬ બુટલેગરોના નામ જોગ અને અન્ય ત્રણ અજાણ્યા ઈસમો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

માલપુર (દાવલી)ના બુટલેગર અને અન્ય બુટલેગરોના નામ વાંચો

૧) નરેન્દ્રસિંહ ચૂડાવત (રાજસ્થાન તેલૈયાના ઠેકાવાળો)
૨) રિતેશ કલાલ (રાજસ્થાન તેલૈયાના ઠેકાવાળો)
૩) ગોરધન જાટ (રાજસ્થાન તેલૈયાના ઠેકાવાળો)
૪) સુનિલ કાણિયો સાંચોર (રાજસ્થાન તેલૈયાના ઠેકાવાળો)
૫) કલ્પેશ મગન ખોખરીયા (માલપુર (દાવલી) , તા-મોડાસા)
૬) રેડ દરમિયાન ફરાર બે શખ્શો
૭) રેનોલ્ટ ડસ્ટર કારનો માલિક